ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com [UGC Listed Journal]

# ગોવર્ધનરામ ત્રિપાઠીની લક્ષ્યાલક્ષ્ય મીમાંસા

*ગજેરા તૃપ્તિ એમ.

*સંશોધન છાત્રા, તત્વજ્ઞાન વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ગુજરાત (ભારત)*

**ARTICLE DETAILS**

**Article History**
*Published Online:* 02 June 2018

**Keywords**
નવલકથા, ગોવર્ધનરામ, લક્ષ્યાલક્ષ્ય, રહસ્યવિવરણ

***Corresponding Author**
*Email: truptigajera31[at]gmail.com*

**ABSTRACT**

મારા આ શોધપત્રમાં ગોવર્ધનરામ ત્રિપાઠીની નવલકથા સરસ્વતીચંદ્રના ભાગ-3 ના પ્રકરણ -6 લક્ષ્યાલક્ષ્યરહસ્યવિવરણ; સ્વપ્ન, જાગ્રત અને પાછું સ્વપ્ન. માં દર્શાવેલ જીવ અને પરમાત્માનો સબંધ, આત્મા અને પરમાત્માનું ઐક્ય લક્ષ્ય અને અલક્ષ્યના સિધ્ધાંત દ્વારા રજૂ કરું છુ જેમાં જીવ – ઈશ્વરને લક્ષ્ય અથવા લખ કહેવામા આવે છે અને એ પ્રાકૃત ચર્મચક્ષુ ઉપાધિહીન બ્રહ્મ ને દેખતું નથી માટે બ્રહ્મને અલક્ષ્ય અથવા અલખ કહેવામાં આવે છે. ગોવર્ધનરામ લક્ષ્યવાદમાં શાંકરવેદાંતમાં પાડવામાં આવતાં જીવ-ઈશ્વર અને બ્રહ્મના ભેદનો અને એ ત્રણ તત્વના અંતિમ અદ્વૈતનો સ્વીકાર કરે છે.

મારા આ શોધપત્રમાં ગોવર્ધનરામ ત્રિપાઠીની નવલકથા સરસ્વતીચંદ્રના ભાગ-3 ના પ્રકરણ -6 લક્ષ્યાલક્ષ્ય રહસ્ય વિવરણ; સ્વપ્ન, જાગ્રત અને પાછું સ્વપ્ન. માં દર્શાવેલ જીવ અને પરમાત્માનો સબંધ , આત્મા અને પરમાત્માનું ઐક્ય લક્ષ્ય અને અલક્ષ્યના સિધ્ધાંત દ્વારા રજૂ કરું છુ જેમાં જીવ – ઈશ્વરને લક્ષ્ય અથવા લખ કહેવામા આવે છે અને એ પ્રાકૃત ચર્મચક્ષુ ઉપાધિહીન બ્રહ્મ ને દેખતું નથી માટે બ્રહ્મને અલક્ષ્ય અથવા અલખ કહેવામાં આવે છે. ગોવર્ધનરામ લક્ષ્યવાદમાં શાંકરવેદાંતમાં પાડવામાં આવતાં જીવ-ઈશ્વર અને બ્રહ્મના ભેદનો અને એ ત્રણ તત્વના અંતિમ અદ્વૈતનો સ્વીકાર કરે છે.

नाहं जाय ईत्यादिना घटादिषु समानत्वेनावस्थितस्या
काशस्येवालक्ष्यस्यात्मनोजन्ममरणादिराहित्यमुक्तम्।।

હું ઉત્પન્ન થતો નથી - વગેરે વાક્યો વડે એવું કહેવામાં આવ્યું કે ઘટાદિમાં આકાશ સમાનત્વથી અવસ્થિત છે તેની જેમ અલક્ષ્ય આત્માનું પણ જન્મમરણથી રહિતપણું છે. તે જ રીતે બંધમોક્ષથી પણ રહિતપણું છે. આ બધ્ધ છે , આ મુક્ત છે, એવું જે કહેવાય છે તે તો વ્યવહારને અર્થે છે. વસ્તુતઃ તેમ કાંઈ નથી. અથવા તો આત્મા નહી પણ સંસાર જ બંધાય છે, મુક્ત થાય છે, તે વાત સમંજસપણે ગોવર્ધનરામ કહે છે. તે એવી રીતે કે સમષ્ટિરૂપ પરમાત્મા એક હોઇને વ્યષ્ટિરૂપોથી અનેક જેવો ભાસે છે. તે અનેકપણાનું રૂપ શરીરધારીપણું એ જ છે અને શરીરધારીનો જ સંસાર છે. ધનુર્ધર શરનું ધનુષ્ય પર સંધાન કરે છે ને શરનો મોક્ષ કરે છે. (બાણ છોડે છે) તે સર્વ ભ્રાંતિ છે ; વસ્તુતઃ તો ધનુર્ધર્પણું, શરનું સંધાન, અને થયેલા લક્ષ્યમાંથી - ઉત્થાન પામેલા નાનારૂપે દેખાતા અનેક સંસારો છે. સમ્યક્-સારી રીતે સરે તે સંસાર ; તે બાણની ગતિ જેવો , બાણ જેવો નહી. બાણગતિ જેવો સંસાર આરંભરૂપ હોય ત્યારે તેનું નામ બંધ ; પ્રારબ્ધ કર્મથી પરવારી બાણ સ્થિર થાય , એટલે જે સંસારનો આરંભ આટોપાયો તે સંસારનો જ વિરામ તે મોક્ષ , વ્યષ્ટિ, સમષ્ટિ, બંધ અને મોક્ષ આ જેટલા પ્રપંચો છે તેટલા સર્વ – તે-અનેકત્વમાં રહેલું એક એવું જે સામાન્ય તેને લાઘવના હેતુથી લક્ષ્ય કહીએ છીએ; જેમ હસ્તપાદાદિ અનેકવાળો એક તેને પુરુષ અથવા જીવ કહીએ છીએ ; જેમ એક માટીના અનેક વિકારો અનેક ઘટાદિ નામો ધરે છે તેમજ એક લક્ષ્ય – અનેક પ્રપંચરૂપે – વિશ્વરૂપે – બની રહે છે. આવી રીતનું , બંધમોક્ષાદિ અનેક પ્રપંચોના સમુચ્ચયરૂપ, લક્ષ્ય એવું છે માટે નથી બંધાતું , અને નથી મુક્ત થતું. ( જો એક લક્ષ્યના અનેક એવા જે બંધમોક્ષ થાય છે એમ કહીએ તો એકની અનેકત્વાપતિ થાય અને વદ્તો વ્યાઘાતનો દોષ આવે. અને પેલા બંધમોક્ષાદિ જુદા જુદા પ્રપંચોથી ભરેલા સમગ્ર લક્ષ્ય એ જ બંધમોક્ષાદિ પામે એવું કહીએ તો અનવસ્થા દોષ આવી જાય.) માટે સંસાર અને સંસારી ઉભયનો લક્ષ્યમાં અંતર્ભાવ જ છે , જેમ સ્વપ્નજાલોનો જાગ્રતમાં છે. તે આ માયા નામે ઓળખાય છે તેનો પણ તેમાં જ અંતર્ભાવ છે.

लक्ष्यालक्ष्ययोरद्वेतंसाध्यति॥
एकोडहमद्वितियोडहमित्यादिभिः ॥

અર્થાત્ લક્ષ્ય – અલક્ષ્યનું અદ્વૈત સાધે છે ; 'एकोडहम्' - 'હું એક છું' વગેરે શબ્દોથી. અલક્ષ્ય આ આત્મા છે ને સાક્ષી પણે રહેલો છે. અલક્ષ્યરૂપ આત્માનો પોતાનો જ આ અલક્ષ્ય સાક્ષી છે. આમ તેનું ચિત્ત સ્વરૂપ સધાયું. માયારૂપ વિહાર શમે છે ત્યારે શાંતિ રૂપ થાય છે તે બે રૂપથી લક્ષ્યપણું એક જ છે અને તેમાંના એક ઉપર રાગ અને બીજા ઉપર દ્વેષ ધરનાર માણસ એ રાગદ્વેષ વડે ત્રૈગુણ્યનો અંગીકાર કરે છે. અને ક્રિયાવાન થાય છે જ. વિરક્ત મનવાળા "ભિક્ષુ" નામ ધરનાર પુરુષો વિદ્વાનો હોય છે તેમ મહાત્માઓ હોય છે છતાં તેઓ માયાનો દ્વેષ કરનારા અને શાંતિમાં રાગ રાખનારા હોવાથી દ્વૈષ સ્વીકારે છે અને તેથી તેઓ અદ્વૈતસિધ્ધિ પામતા નથી. અદ્વૈતભાસથી છેતરાઈને જ પરિવ્રજે છે, અને આ ત્યાજ્ય અને આ ઉપાદેય એના દ્વૈતનો અંગીકાર કરે છે. એટલે અદ્વૈતની સિધ્ધિ તો પરમાર્થતઃ

© RRIJM 2015, All Rights Reserved

લક્ષ્યાલક્ષ્ય સિધ્ધાંતમાં જ સધાય છે ને બીજા મતોમાં સધાતી નથી. અલક્ષ્ય લક્ષ્યનું સાક્ષી એટલે પોતાનું જ સાક્ષી માનવામાં આવે છે. નૈયાયિકો દ્રવ્યગુણાદિ પદાર્થો સાધે છે , અને અન્ય મતોમાં અન્ય નામોથી પદાર્થો સધાય છે ; આ સર્વ પદાર્થો લક્ષ્યના વિહ્નત –ક્રીડીત માં આવી જાય છે. આથી જ કહેલું છે કે જ્યાં જ્યાં મન જાય ત્યાં ત્યાં સમાધિઓ જાય છે. આ મનોયાત્રા એ જ માયા છે અને તેનું વિજૃમ્ભણ લખ થાય છે. માયા અને માયાવીનો ભેદ નથી , કારણ તેમનો સમવાય છે. અલક્ષ્ય – અલખ એવો જે માયાવી તે લક્ષ્ય – લખ માયાને આત્મ વસ્તુમાંથી આત્મ વડે વિસ્તારે છે અને આત્મમાં જ સંહરે છે. આ વિહારોમાં અલક્ષ્ય મોક્ષ પામે છે. કોઇ કહે છે એ મોક્ષ પણ વિહાર છે તો તે ખોટું છે , કારણ જ્યારે સત્ અને ચિત્ ની જેમ મોક્ષ પણ નિત્ય અને એક છે ત્યારે ક્રિયારૂપ વિહારો તો અનેક અને અનિત્ય છે ને તેમાં એકપણું છે જ નહી.

આવી રીતે લક્ષ્યાલક્ષ્યનું અદ્વૈત સાધનાર યોગીના ગુણકર્મો ગુણકર્મોના આભાસપણે વિલાસ કરે છે - સ્વપ્નમાં વિલાસ કરતાં હોય તેમ ; પણ એ અદ્વૈત સાધનાર તો તે ગુણકર્મોથી અનવચ્છિન્ન અને અસંષ્પૃષ્ટ રહે છે તે નિર્ગુણ અને નિષ્કર્મ છે. " જીવ" નામધારી આ લક્ષ્યસ્ફુલિંગ પ્રકૃતિથી જડસમાન ધર્મનો ધરનાર હોય તેમ – વધે છે - અને લક્ષ્યધર્મોનું અનુવર્તન કરે છે. કાષ્ઠમાં ગૂઢ રહેલા અગ્નિની જેમ તે સ્વરૂપ વડે લખ થતો નથી – દેખાતો નથી. જ્યારે સંઘટ્ટનાદિથી પ્રજ્વલિત થઈ એ ગૂઢ અગ્નિ પ્રબુધ્ધ થાય છે , ત્યારે પણ નેત્રત્વચા આદિને જણાઈ આવતા જડ ધર્મો સેવીને જ એ ગૂઢ અગ્નિ ત્રિલોકવાસી અગ્નિની પ્રકાશમયી અને દહનમયી શક્તિનો પોતાનામાં આવિર્ભાવ દેખાડે છે ; તે જ પ્રમાણે પ્રબુધ્ધ થયેલો થયેલો આ જીવ – સ્ફુલિંગ સંસારીની જેમ લક્ષ્ય વ્યવહારના ધર્મોનો સમાદર કરતો લાગે છે. આ સ્ફુલિંગ આ પ્રમાણે લક્ષ્ય થાય છે એટલું જ કેવળ નથી , પરંતુ તે સ્ફુલિંગ લક્ષ છે પણ ખરો. કારણ કે લક્ષ્ય એવો આ સ્ફુલિંગ એ લક્ષ્યત્વને જાતે જ લક્ષે છે ; એટલે વ્યષ્ટિ અને સમષ્ટિનું એકત્વ હોવાથી એ બેની પ્રવૃતિઓના અભેદનું ફળ ભોગવવાની ઈચ્છા રાખી વ્યષ્ટિસ્ફુલિંગ એ ફળ સિવાયના બીજાં સર્વ ફળથી પરાડ્. ગમુખ થાય છે , સર્વ સત્કર્મ કરે છે , પણ પોતાનામાં વ્યષ્ટિના 'અહંકાર'નું શૂન્યપણું હોવાથી એ સર્વ કર્મ નિષ્કામ રહી કરે છે, એ સમર્પણથી જ જીવ અને ઈશ્વરના લક્ષ્યસાધર્મ્યનું ઉદબોધન કરે છે, અને એવી રીતે લક્ષ્યધર્મોનો આદર કરે છે . આવી રીતે આ સ્ફુલિંગમાં ત્રિલોકવાસી વૈશ્વાનરની શક્તિની ઉપમા થાય છે, અને સ્ફુલિંગજીવ એ સ્થિતિ લક્ષે છે. આ વિધિ વડે જીવ-ઈશ્વરનો અદ્વૈતયોગ સધાય છે. કર્મયોગથી જીવ ઈશ્વરનું ઐક્ય સધાય છે. અને તે યોગ ગીતામાં કહેલો છે. જ્ઞાનયોગથી જીવ-બ્રહ્મનું ઐક્ય સધાય છે માટે મંત્રમાં કહ્યું છે કે " અલક્ષ્ય માં પણ પ્રવેશ કરે છે ''. અલક્ષ્ય એટલે તો બ્રહ્મ જ . અલક્ષ્યમાં પ્રવેશ કરવાનું કહી " બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ બને છે ' તેમ બતાવવામાં આવેલ છે. રાત્રિ અને દિન ઉભયરૂપ મળી કાળ થાય તેમ , કર્મ અને જ્ઞાન ઉભયરૂપ યોગ થાય , તેને તો લક્ષ્યાલક્ષ્યયોગીઓ જ સાધે છે. આથી ત્રણનું એટલે જીવ , ઈશ્વર અને બ્રહ્મ એ ત્રણનું અદ્વૈત આવી રીતે બે યોગથી આ યોગઓ સાધે છે , પણ તે કોઇ ત્રણનું અદ્વૈત ન થાય તો તે કહેવું અયથાર્થ છે, કારણ 'અદ્વૈત' એ શબ્દ માત્ર ઐક્યવાચક છે ; માત્ર દ્વૈતનો વ્યતિરેક કરી ત્રેતાદિક્નો વાચક એ શબ્દ નથી. આ લક્ષ્ય કેવું છે અને તેમાં જીવસ્થિતિ કેવી છે તે દેખાડવા હવે શ્રુતિઓ આપવામાં આવે છે. જીવ નામનો પદાર્થ બ્રહ્મથી ભિન્ન નથી. પણ સ્ફુલિંગરૂપે અગ્નિના તનખારૂપે – પુરુષ જ છે. પુરુષસૂક્તમાં કહેવામાં આવ્યુ છે કે "સુદીપ્ત પાવકમાંથી તેના જ રૂપવાળા વિસ્ફુલિંગ સહસ્ત્રરીતે ઉત્પન્ન થાય છે તેમ – હે સૌમ્ય ! – અક્ષરમાંથી વિવિધ ભાવો ઉત્પન્ન થાય છે , અને તેમાં જ પાછા જાય છે." આ પુરુષ અમૃતત્વનો ઈશ છે. આ સર્વ જે ભૂત અને ભાવિ તે પુરુષ જ છે , અને અમૃતત્વનો ઈશ છે – તે અન્નવડે અતિરોહ કરે છે. અહીં "અન્ન" એટલે "ભોગ્યમાત્ર" છે ; તેનાથી અમૃત થયેલું વિશ્વ , વિશ્વાત્મા પુરુષમાં , પુરુષમાંથી જ અતિરોહ કરે છે.

મુણ્ડક ઉપનિષદમાં પણ કહેવામાં આવ્યું છે કે " જેમ સદ્રુપ પુરુષમાંથી કેશ અને રોમ ઉગે છે તેમ અક્ષરમાંથી અહીં વિશ્વ ઉગે છે." પુરુષ પોતાનામાંથી સર્જન કરે છે અને અતિરોહ કરે છે - જેમ ઊર્ણનાભિ એટલે નાભિમાં ઉન રાખનાર કરોળિયો કરે છે તેમ. અમૃતત્વનું આ ઈશપણું ઈશ્વરમાં અને જીવનમાં સમાન છે. ઈશ્વર અને જીવ ઉભય , અલક્ષ્ય અને નિત્ય પુરુષમાં , અતિરોહ છે. આ અતિરોહ કાળે કરીને સ્વયોનિમાં શમી જાય છે માટે તે અનિત્ય છે. અને નિત્યરૂપ અલક્ષ્યની અંતર જ આ અતિરોહની સ્થિતિ છે તે આવિર્ભાવ અને તિરોધાન એવા બે ધર્મ પાળે છે. આવિર્ભાવકાળે એ યજ્ઞરૂપે પ્રજ્વલન પામે છે.

પુરુષસૂક્તમાં કહેવામાં આવ્યુ છે કે જે પુરુષ વડે દેવોએ યજ્ઞ પ્રતત કર્યો તે અગ્ન ઉત્પન્ન થયેલ યજ્ઞ પુરુષનું યજ્ઞમાં ઔક્ષણ કર્યું. સૃષ્ટિસાધનયોગ્ય સાધ્ય એવા દેવો અને વેદમાત્રોના દ્રષ્ટા ઋષિઓએ એ પુરુષ વડે યજ્ઞ કર્યો. જે યજ્ઞ કરતા દેવોએ પુરુષપશુને બાંધ્યો , અને દેવોએ યજ્ઞ વડે યજ્ઞ કર્યો એ ધર્મો પ્રથમ હતા. પુરુષ એ પશુ , પુરુષ એ હવિ અને પુરુષ જ "યજ્ઞ" એ રીતનો આ મંત્રોમાં જે યજ્ઞ કરેલો છે તે જ લક્ષ્યરૂપ યજ્ઞ સર્વત્ર પ્રજ્વલે છે. કળિયુગમાં એક જ આ લક્ષ્યયજ્ઞ છે તે લક્ષ્યધર્મનો ધરનાર છે. સહસ્ત્રાક્ષ એટલે સહસ્ત્ર ઈન્દ્રિયોવાળો આ અલક્ષ્યમાં અતિરોહ પામેલો પુરુષ તેને લક્ષ્ય કહીએ છીએ. એ લક્ષ્યની ભૂમિ એટલે લક્ષ્યની મર્યાદાને એક પાદથી સર્વ પાદને ઘેરી લઈ , બાકીના બીજ ત્રણ અમૃત પાદવડે, શિક્ષિતદ્રષ્ટિના અને અશિક્ષિતદ્રષ્ટિના બધા લક્ષ્યને ઓળંગી દશ આંગળીની સંજ્ઞાવાળી અને દેશકાળના અવચ્છેદ થી શૂન્ય કોઇ અવસ્થાથી સ્થિતિ ધરનાર પરાવર અલક્ષ્ય છે. તે અલક્ષ્યને અને લક્ષ્યને અદ્વૈતપણે લક્ષ્યાલક્ષ્યસિધ્ધાંતીઓ રહસ્ય વિવરણ દ્વારા સમજાવે છે.

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

અર્થાત્ " આ પૂર્ણ છે, એ પૂર્ણ છે કારણ કે પૂર્ણમાંથી જ પૂર્ણની ઉત્પતિ થાય છે અને પૂર્ણમાંથી પૂર્ણ લઈ લેતા પૂર્ણ જ

© RRIJM 2015, All Rights Reserved 

બાકી રહે છે."

લક્ષવાયોગ્ય અલક્ષ્ય આ પૂર્ણ જ છે; તેમાંથી એ લક્ષ્ય પણ પૂર્ણ જ છે તે લક્ષ્યનું આ અલક્ષ્યમાંથી ગ્રહણ કરી તે લેતાં પૂર્ણ જ બાકી રહે છે. આમ આ લક્ષ્યાલક્ષ્ય મીમાંસા દ્વારા આત્મા અને પરમાત્માના ઐક્યનો ખ્યાલ રજૂ થાય છે.

प्रणवो धनु:शरो ह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते ।
अप्रमत्तेन वेध्धव्यं शरवत्तन्मयो भवेत् ॥

પ્રણવ (ૐ કાર ) ધનુષ્ય છે. ખરેખર આત્મા બાણ છે અને બ્રહ્મ તેનું લક્ષ્ય કહેવાય છે, તેનું સાવધાનીપૂર્વક વેધન કરવાનું છે અને બાણની માફક એકરૂપ બનવું જોઇએ.

આમ, શાંકરવેદાન્ત અને લક્ષ્યાલક્ષ્યવાદમાં મૂળભૂત તફાવત એ છે કે લક્ષ્યાલક્ષ્યવાદ જીવ - ઈશ્વર ને માયિક નહિ ગણતાં તેમનો બ્રહ્મતત્વ (અલક્ષ્ય) ને વાસ્તવિક સ્ફુરણ તરીકે સ્વીકાર કરે છે. ગોવર્ધનરામના મત પ્રમાણે બ્રહ્મરૂપ અલખસાગરના જીવ અને ઈશ્વર એ બે લખ તરંગો છે. ઈશ્વરસૃસ્ટિ અને જીવસૃસ્ટિમાં વિલસી રહેલા ફૂટસ્થ નિત્ય તત્વ પરાવર અલક્ષ્યનો પ્રબોધ થવો એ જ ગોવર્ધનરામના મતે મોક્ષ છે.

**સંદર્ભ:**

1. ગોવર્ધનરામ ત્રિપાઠી (1892) સરસ્વતીચંદ્ર ભાગ – 3,પાર્શ્વ પબ્લિકેશન.
2. ईशादि नौ उपनिशद् ( शांकरभाष्यार्थ) (2014) – गीताप्रेस गोरखपुर
3. ईशावास्योपनिशद् (ईशादि नौ उपनिशद्) (2014) – गीताप्रेस गोरखपुर
4. मुण्डकोपनिशद् - खण्ड -2 (ईशादि नौ उपनिशद्)(2014) – गीताप्रेस गोरखपुर
5. पुरुषसूक्त (ईशादि नौ उपनिशद्) (2014) – गीताप्रेस गोरखपुर्
6. ભગવદ્ ગીતા

© RRIJM 2015, All Rights Reserved 